**C.C.NO. 36046/2025**

**GJVD020395712025**

## – <u>આંક–૧ લગત હુકમ</u> –

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી, સદર અંગેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દ્ધારા મોટર વ્હીકલ એક્ટના ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં, જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદપક્ષને સાંભળ્યા, હાલનો કેસમાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૫૧૪** મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજરોજ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં કેંસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૮ મી** માહે **માર્ચ,** સને **૨૦૨૫** ના રોજ **સ્પેશીયલ સીટીંગમાં** વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫.
વડોદરા.

**(એન.બી.શર્મા)**
**૧૩માં** અધિક જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.,
વડોદરા.
**કોડ નંબર–જીજે ૦૧૭૨૮**